# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

***************************************************

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજસ્થાનમાં પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.
2. ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની પુણ્યતીથિ નિમિત્તે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શ્રધ્ધાંજલી અર્પી.
3. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ જૂન 2026 માં લેવાયેલી UGC-NET પરીક્ષાના 84 વિષયો માટે પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી.
4. ઓડિશામાં બૈતરાની નદીમાં આવેલા પૂરને કારણે રાજ્યના ઉત્તરીય વિસ્તારોમાં સામાન્ય જનજીવન ખોરવાયું.
5. બેલ્જિયમમાં લાગેલી જંગલની આગમાં બે હજાર હેક્ટર વન વિસ્તાર બળીને ખાખ.. અનેક લોકોનું સ્થળાંતર.
6. ગુજરાતના અમદાવાદ ખાતે રમાઇ રહેલી FIBA U18 એશિયા કપમાં આજે ભારતનો દક્ષિણ કોરિયા સાથે મુકાબલો.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# AMIT SHAH RAJASTHAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાના નિમ્બાહેડા ખાતે શ્રદ્ધેય અટલબિહારી વાજપેયીજીની પુણ્યતિથિ નિમિત્તે તેમની પ્રતિમાનું લોકાર્પણ તથા રાજ્ય સરકારના પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે જાહેરસભાને સંબોધતા શ્રી શાહે માઁ અંબા, સાવરિયા શેઠ અને ચારભુજાનાથની નિમ્બાહેડાની ધરતીને નમન કર્યું. શ્રી શાહે વિદેશી આક્રાંતાઓને જડબાતોડ જવાબ આપનારી ચિત્તોડની ભૂમિને પ્રણામ કરી મહારાણા પ્રતાપને પણ યાદ કર્યા.

પૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન સ્વર્ગીય અટલબિહારી વાજપેયીજીની શ્રદ્ધાંજલિ અર્પણ કરતા તેમને યાદ પણ કર્યા.

(BYTE: AMIT SHAH, HOME MINISTER)

# VAJPAYEE JI - TRIBUTE

દેશ આજે પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીજીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રીનું 2018માં આજના દિવસે અવસાન થયું હતું. તેઓ ત્રણ વખત પ્રધાનમંત્રી રહ્યા. વર્ષ 2015માં તેમને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન, ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં તેમના સ્મારક "સદૈવ અટલ" ખાતે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. આ પ્રસંગે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે રાષ્ટ્રનિર્માણ, સમાવેશી નેતૃત્વ અને રાષ્ટ્રીય ગૌરવ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા આવનારી પેઢીઓને પ્રેરણા આપતી રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ કહ્યું કે અટલ બિહારી વાજપેયીનું સુશાસન અને જન કલ્યાણનું વિઝન હંમેશા દેશવાસીઓને માર્ગદર્શન આપશે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે વાજપેયી જનસેવા અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પણનું સાચું પ્રતીક છે, જે આજે પણ દરેકને પ્રેરણા આપે છે.

# NTA-ANSWER KEYS RELEASED

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ જૂન 2026 માં લેવાયેલી UGC-NET પરીક્ષાના 84 વિષયો માટે પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે. NTA એ ચેલેન્જ વિન્ડો પણ ખોલી છે, જે 18 ઓગસ્ટ સુધી ખુલ્લી રહેશે. ઉમેદવારો UGC-NET પોર્ટલ દ્વારા ઓનલાઈન આન્સર કીને પડકારી શકે છે. NTA એ જણાવ્યું હતું કે પડકારવામાં આવેલા પ્રશ્ન દીઠ બસો રૂપિયાની પ્રોસેસિંગ ફી લાગુ થશે. તેમાં ઉમેર્યું હતું કે ઉમેદવારોએ દસ્તાવેજી પુરાવા સાથે દરેક પડકારને સમર્થન આપવું પડશે. એજન્સીએ એ પણ નોંધ્યું હતું કે અન્ય કોઈપણ માધ્યમથી સબમિટ કરાયેલ પડકારોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. પ્રોસેસિંગ ફી ભરવાની છેલ્લી તારીખ આ મહિનાની 18મી છે.

NTA એ જણાવ્યું હતું કે અંગ્રેજી, વાણિજ્ય અને સમાજશાસ્ત્ર સહિત બાકીના ત્રણ વિષયો માટે પ્રશ્નપત્રોમાં વિવિધ પ્રકારની ભૂલો અંગેની ફરિયાદોની તપાસ કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે સમિતિની ભલામણોના આધારે, આ ત્રણ વિષયો અંગે એક અલગ જાહેર સૂચના આજે પછીથી જાહેર કરવામાં આવશે.

NTA એ ઉમેદવારોને સલાહ આપી છે કે તેઓ ફક્ત તેની સત્તાવાર વેબસાઇટ અને ચકાસાયેલ સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પ્રકાશિત માહિતી પર આધાર રાખે.

# PM - ISRAEL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના સ્વતંત્રતા દિવસની શુભેચ્છાઓ બદલ ઇઝરાયલના રાષ્ટ્રપતિ આઇઝેક હર્ઝોગ અને પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂનો આભાર માન્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે ભારત ઇઝરાયલ સાથેની મિત્રતાને ખૂબ મહત્વ આપે છે. તેમણે એવી પણ આશા વ્યક્ત કરી કે ભારત-ઇઝરાયલ ખાસ વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બને, નવી તકો ખુલે અને બંને રાષ્ટ્રો વચ્ચે લોકો વચ્ચે ગાઢ સંબંધો સ્થાપિત થાય.

# INDIA - BRICS MEETING

ભારત મંગળવારે નવી દિલ્હીમાં બારમી બ્રિક્સ પર્યાવરણ મંત્રીઓની બેઠકનું આયોજન કરશે. આ બેઠક અગાઉ  આવતીકાલે બ્રિક્સ પર્યાવરણ કાર્યકારી જૂથ અને સંપર્ક જૂથની પર્યાવરણ કાર્યકારી જૂથની બેઠક અને આબોહવા પરિવર્તન અને ટકાઉ વિકાસ પરના સંપર્ક જૂથની બેઠક યોજાશે. આ કાર્યક્રમ ભારતના બ્રિક્સ અધ્યક્ષતા 2026 - સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણની મુખ્ય થીમ હેઠળ યોજાશે. બ્રિક્સ પર્યાવરણ મંત્રીઓની બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ કરશે.

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે જણાવ્યું હતું કે આ બેઠક મહત્વપૂર્ણ ચર્ચાઓમાં જોડાવા, સર્વસંમતિ  અને પર્યાવરણીય સહયોગને ગાઢ બનાવવા પ્લેટફોર્મ પૂરું પાડશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ODISHA-FLOOD

ઓડિશામાં બૈતરાની નદીમાં આવેલા પૂરને કારણે રાજ્યના ઉત્તરીય વિસ્તારોમાં સામાન્ય જનજીવન ખોરવાયું છે. જાજપુર જિલ્લાના ઘણા વિસ્તારો અને ભદ્રક જિલ્લાના ઘણા ગામડાઓ પાણીમાં ડૂબી ગયા છે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ..

**(BYTE : PRAKASH DAS – FLOOD)**

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશ, ગંગા કિનારાના  પશ્ચિમ બંગાળના વિસ્તારો, ઓડિશા, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. પૂર્વોત્તરના કેટલાક વિસ્તારો, છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, ઝારખંડ, કોંકણ અને ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં પણ દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદ પડવાની સંભાવના છે.

દરમિયાન આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ, આંધ્ર પ્રદેશ, ઉત્તર આંતરિક કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના કેટલાક સ્થળોએ વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે.

# BELGIUM WILDFIRE

બેલ્જિયમમાં, ગઈકાલે સાંજ સુધીમાં પૂર્વી બેલ્જિયમના હાઇ ફેન્સ વિસ્તારમાં સૌથી મોટી જંગલની આગમાં લગભગ 2,000 હેક્ટર વનસ્પતિ બળીને ખાખ થઈ ગઈ હતી. વાલૂન પબ્લિક સર્વિસે પુષ્ટિ કરી હતી આગે આજ સુધીનો સૌથી મોટો વિનાશ વેર્યો છે.

શુક્રવારે બપોરે 2 વાગ્યે આગ ફાટી નીકળ્યા પછી લગભગ 30 કલાક સુધી અગ્નિશામક કામગીરી ચાલુ રહી. સ્થાનિક મીડિયા અનુસાર, લગભગ 600 લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. વાઇમ્સ મ્યુનિસિપાલિટીમાં આવેલા સોરબ્રોડ્ટના લગભગ 500 રહેવાસીઓને સાવચેતી રૂપે સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા, જ્યારે બુટજેનબેકમાં લગભગ 100 લોકો હતા.

આગને કાબુમાં લેવા માટે બે ડચ લશ્કરી હેલિકોપ્ટર, એક ચેક અગ્નિશામક હેલિકોપ્ટર અને બે સ્વીડિશ અગ્નિશામક વિમાન તૈનાત કરવામાં આવ્યા છે.

# FIBA U18

FIBA U18 એશિયા કપમાં આજે ભારત દક્ષિણ કોરિયા વચ્ચે મુકાબલો થશે. દરમિયાન ગઇકાલે વીર સાવરકર ઇન્ડોર સ્ટેડિયમ ખાતે રમાયેલી સ્પર્ધાઓમાં લેબનોનને 72-64થી હરાવીને સીરિયાએ આખરે જીત મેળવી હતી. જ્યારે ફિલિપાઇન્સને 107-69થી હરાવીને ઓસ્ટ્રેલિયાએ પોતાની બીજી જીત નોંધાવી. ચાઇનીઝ તાઇપેઇએ થાઇલેન્ડ પર 110-62થી જીત મેળવી હતી. ન્યુઝીલેન્ડે બહેરીનને 42-86થી હરાવ્યું હતું .

# RAMPURHAT EX MLA

પશ્ચિમ બંગાળમાં, રામપુરહાટના ભૂતપૂર્વ ધારાસભ્ય આશિષ બેનર્જીનો મૃતદેહ આજે સવારે રામપુરહાટ શહેરમાં તેમના પોતાના નિવાસસ્થાનની બાજુમાં આવેલી તેમની ઓફિસમાં શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ.

પાંચ વખતના ધારાસભ્ય અને રામપુરહાટ કોલેજના ભૂતપૂર્વ શિક્ષક આશિષ બેનર્જી, તૃણમૂલ કોંગ્રેસ સરકાર દરમિયાન મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમણે પશ્ચિમ બંગાળ વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર તરીકે પણ સેવા આપી હતી. બેનર્જી આ વખતે વિધાનસભાની ચૂંટણી હારી ગયા.

# CHESS-ESPORTS-WORLD-CUP

વિશ્વના નંબર એક ચેસ ખેલાડી મેગ્નસ કાર્લસને સતત બીજી વખત ઇસ્પોર્ટ્સ વિશ્વ કપનો ખિતાબ જીત્યો. ફ્રાન્સના પેરિસમાં રમાયેલી ફાઇનલમાં કાર્લસને બેલારુસના ગ્રાન્ડમાસ્ટર ડેનિસ લાઝાવિકને 2-0થી હરાવ્યો હતો.કાર્લસન સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અણનમ રહ્યો હતો.

બીજી તરફ અમેરિકાના ગ્રાન્ડમાસ્ટર હિકારુ નાકામુરાએ અલીરેઝા ફિરોઝાને 4-1થી હરાવીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

# CRICKET - B'DESH AUSTRALIA

ટેસ્ટ ક્રિકેટમાં, બાંગ્લાદેશે આજે ઓસ્ટ્રેલિયાના ડાર્વિનમાં મારારા ઓવલ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયા સામે નવ વિકેટે ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. ઓસ્ટ્રેલિયાની ધરતી પર બાંગ્લાદેશનો આ પ્રથમ ટેસ્ટ વિજય હતો અને ઓસ્ટ્રેલિયા સામે તેની બીજી જીત હતી.